પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના,
ડો.આંબેડકર આવાસ યોજના,અને ડો.આંબેડકર
સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ મકાન
સહાય ચૂકવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક-ફસલ/૧૨૨૦૧૩/૮૭૩૦૭૫/ફ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૧૪/૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૮/૧/૨૦૦૪ નો ઠરાવ ક્રઃ-સશપ-૧૪૯૭/ન.બા.૧-અ
૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૮/૬/૨૦૦૫ નો ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૩-૧૩૦૩-ફ
૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૧/૬/૨૦૦૫ નો ઠરાવ ક્રઃએસસી ડબલ્યુ-૧૦૨૦૦૩-૨૨૦૧-ગ
૪. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧/૨/૨૦૧૩ નો ઠરાવ ક્રઃ-અબડ ૧૦૨૦૧૨-૮૫૫૮૮૯-ફ
૫. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૧/૧૨/૨૦૧૩ નો ઠરાવ ક્રઃઅજક-૧૦૨૦૧૩-૩૯૦૫૬૧-ફ
૬. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૧૧/૮/૨૦૧૦ નો ઠઃક્રઃ ૧૦૨૦૦૯/૮૧૯/લ
૭. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૩૧/૧/૨૦૧૧ નો ઠઃક્રઃ પરચ/૧૦૨૦૧૦/૧૭૬/લ
૮. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૮/૮/૨૦૧૩ નો પરિપત્ર ક્રઃ આઇએવાય-૧૦૨૦૧૩-એસએફએસ-૨૦- ખ.૨

ઠરાવઃ-

આમુખ (૧)(૨) અને (૩) માં જણાવેલ આ વિભાગના તા. ૨૮/૧/૨૦૦૪,તા. ૮/૬/૨૦૦૫ અને તા.૨૧/૬/૨૦૦૫ ના ઠરાવોથી અનુક્રમે પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના,ડો.આંબેડકર આવાસ યોજના,અને ડો.આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના હેઠળ મકાન સહાય યોજના અન્વયે આ ઠરાવોમાં જણાવેલ ધારા ધોરણ મુજબ મકાન સહાયની યોજના અમલમાં છે. આ યોજનાઓ અન્વયે હાલમાં મકાન સહાયની રકમ રૂ. ૪૫,૦૦૦/ (અંકે રુપિયા પિસ્તાલીસ હજાર ) ચૂકવવામાં આવે છે.આ યોજનાઓમાં સહાયનું ધોરણ ઇન્દીરા આવાસ યોજનાના ધોરણે લાભાર્થીદીઠ રૂ. ૭૦,૦૦૦/- (અંકે રુપિયા સિત્તેર હજાર) કરવાની બાબત સરકારીશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના, ડો.આંબેડકર આવાસ યોજના, અને ડો.આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજનામાં હાલનું સહાય ધોરણ રૂ.૪૫,૦૦૦/ (અંકે રુપિયા પિસ્તાલીસ હજાર પુરા) થી વધારીને રૂ. ૭૦,૦૦૦/( અંકેરુપિયા સિત્તેર હજાર પુરા) કરવાનું નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

શરતોઃ-

(૧) ૦ થી ૨૦ ગુણાંક ધરાવતા બી.પી.એલ.યાદીમાં સમાવિષ્ટ લાભાર્થીઓને કેન્દ્ર પુરસ્કૃત ઇન્દીરા આવાસ યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૨) ઉપરોકત શરત નં (૧) મુજબ લાભ આપી શકાય તેમ ન હોય અને આ યોજનાઓની અન્ય શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા કિસ્સામાં સહાય ચૂકવવાની રહેશે..

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા શહેરી વિસ્તારના આવાસો માટેની

યોજનાઓ અમલમાં મુકેલ છે જે ધ્યાને લેતાં શહેરી વિસ્તારમાં ડો.આંબેડકર આવાસ યોજના અને પંડિત દિનદયાલ આવાસ યોજનાઓનો અમલ શહેરી વિકાસ વિભાગની યોજનાના કન્વર્ઝનમાં હાલના ધોરણો અનુસાર કરવાનો રહેશે.એટલે કે,આ સહાયનો સુધારો આ બે યોજના પૂરતો શહેરી વિસ્તારમાં લાગુ પાડવાનો રહશે નહીં.

(૪) સહાયનું હપ્તાવાર ચુકવણુ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૮/૮/૨૦૧૩ ના પરિપત્રમાં જણાવેલ હપ્તા મુજબ કરવાનું રહેશે.

(૫) આ યોજનાઓ અન્વયેની હાલની અન્ય શરતો યથાવત રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં જે તે સદર હેઠળ પાડવાનો રહેશે. અને તે સદર હેઠળ દરવર્ષે કરવામાં આવતી જોગવાઇઓમાંથી મેળવવાનો રહેશે

(૭) આ ઠરાવનો અમલ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી કરવાનો રહેશે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૧૯/૭/૨૦૧૪ ના રોજ મળેલ સમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.એલ.બારીયા )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૩)

- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ,જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકાશ્રી,અમદાવાદ/રાજકોટ
- નાણાં સલાહકારશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- સર્વે ઉપસચિવશ્રી/નાયબ સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, -ગ- શાખા,/અ.૧ શાખા,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી,ગુજરાત સફાઇ કમદાર વિકાસ નિગમ, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, (આદિજાતિ) બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ
  સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
- સિલેકટ ફાઇલ